For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

'જીત સિવાય કંઈ ખપશે નહીં' ડે.મુખ્યમંત્રીનો ઉમેદવાર અને કાર્યકરોને સ્પષ્ટ સંદેશ

# વડોદરા ભાજપમાં 'ડેમેજ કંટ્રોલ' મોડ: હર્ષ સંઘવીએ ખાનગી હોટલમાં દિગ્ગજો સાથે યોજી ગુપ્ત બેઠક

**ઉમેદવારોના** નામ જાહેર થયા બાદ ઉઠેલા અસંતોષને ડામવા પ્રદેશ નેતૃત્વ મેદાને

(પ્રતિનિધિ) વડોદરા તા.12

રાજ્યમાં આગામી ચૂંટણીનો માહોલ ગરમાયો છે ત્યારે વડોદરાના રાજકીય ફલક પર મોટી હલચલ જોવા મળી છે. વડોદરા શહેરની એક ખાનગી હોટલમાં ગૃહ રાજ્યમંત્રી અને ભાજપના યુવા નેતા હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનોની એક અત્યંત મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ, મુખ્ય દંડક, મંત્રીઓ તેમજ પૂર્વ મંત્રીઓ અને પૂર્વ પ્રમુખો સહિતના પક્ષના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકના પગલે શહેરના રાજકીય આલમમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.



સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટેનું માઈક્રો પ્લાનિંગ કરવાનો હતો. બેઠકમાં હર્ષ સંઘવીએ ઉપસ્થિત તમામ હોદ્દેદારો અને પૂર્વ નેતાઓ સાથે ચૂંટણીલક્ષી આયોજનો અંગે ગહન ચર્ચા કરી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખાસ કરીને જ્યારે પક્ષ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે સંભવિત આંતરિક અસંતોષ કે નારાજગીને દૂર કરવા માટે પ્રદેશ નેતૃત્વએ આક્રમક અભિગમ અપનાવ્યો હોય તેમ જણાય છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, ટિકિટ વિતરણ બાદ પક્ષમાં કોઈ પણ પ્રકારનું વિરોધનું વાતાવરણ ન સર્જાય અને તમામ કાર્યકરો એકજૂથ થઈને ચૂંટણી મેદાનમાં ઉતરે તે સુનિશ્ચિત કરવા માટે હર્ષ સંઘવીએ આ બેઠક યોજી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં સ્થાનિક આગેવાનોને મેસેજ આપી દીધો છે કે, પક્ષ માટે અત્યારે વ્યક્તિગત હિતો કરતા ચૂંટણીમાં વિજય મેળવવો તે સર્વોપરી છે. પ્રદેશ નેતૃત્વ દ્વારા લેવાયેલા નિર્ણયોને સ્વીકારીને તમામ નેતાઓએ ખભેખભા મિલાવીને કામે લાગી જવા સૂચના આપવામાં આવી છે. આ બેઠકમાં સંગઠનની મજબૂતી અને બૂથ લેવલ સુધીની રણનીતિ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. હર્ષ સંઘવીએ તમામ આગેવાનોને પરોક્ષ રીતે એવો સંકેત આપ્યો છે કે હાઈકમાન્ડની નજર દરેક હિલચાલ પર છે અને શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહીં. આમ, વડોદરામાં યોજાયેલી આ બેઠક દ્વારા ભાજપે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ચૂંટણી જીતવા માટે કોઈ પણ કચાશ બાકી રાખવા માંગતા નથી અને આંતરિક જૂથબંધી ડામવા માટે પ્રદેશ નેતૃત્વએ સીધો મોરચો સંભાળી લીધો છે.

APK ફાઈલ અને સ્ક્રીન શેરિંગથી એકાઉન્ટ હેકનો કિસ્સો

# પેન્શનર લાઈફ સર્ટિફિકેટના બહાને નિવૃત્ત મેનેજર સાથે રૂ.10 લાખની ઠગાઈ

**ભેજાબાજોએ** FD તોડી નાખ્યા બાદ ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરી લીધા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

શહેરના સુસેન-તરસાલી રિંગ રોડ વિસ્તારમાં રહેતા નિવૃત્ત બેંક મેનેજર સાથે રૂ.10 લાખની ઠગાઈ કરાઈ છે. બીઓબી લાઈફ સર્ટિફિકેટ અપડેટ કરવાની પ્રક્રિયા દરમિયાન ઠગોએ વિડિયો કોલ દ્વારા સ્ક્રીન શેરિંગ કરાવી અને APK ફાઈલ ડાઉનલોડ કરાવી તેમના બેંક ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતાં નિવૃત્ત મેનેજરે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના સુસેન તરસાલી રિંગ રોડ ઉપર આવેલી મહાવીર પાર્ક સોસાયટીમાં પરેશ નરહરિપ્રસાદ પંડયા (ઉ.વ. 65) વર્ષ 2020માં બેંક ઓફ બરોડામાંથી સિનિયર મેનેજરની પોસ્ટ પરથી નિવૃત્ત થયા હતા. તા. 8 નવેમ્બર 2025ના રોજ તેમણે બેંક ઓફ બરોડાની વેબસાઈટ પર પેન્શનર લાઈફ સર્ટિફિકેટ માટે ઓનલાઈન માહિતી અપલોડ કરી હતી.

આ પ્રક્રિયા કર્યાના બાદ થોડા જ સમયમાં અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને લાઈફ સર્ટિફિકેટ વેરિફિકેશન માટે વોટ્સએપ પર વિડિયો કોલ આવશે તેવી માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ બીજા નંબર પરથી વિડિયો કોલ કરીને સ્ક્રીન શેર કરવા જણાવાયું હતું.

સ્ક્રીન શેરિંગ દરમિયાન "BOB Life Certificate Update.apk" નામની ફાઈલ ડાઉનલોડ કરાવવામાં આવી હતી અને અંદાજે 38 મિનિટ સુધી સ્ક્રીન શેર ચાલુ રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન ઠગોએ નિવૃત બેંક કર્મચારીના

બેંક ખાતામાં સેવિંગ અને સેલરી બંને એકાઉન્ટમાંથી રૂપિયા 5-5 લાખ મળી રૂ.10 લાખ "Slice Small Finance Bank" ના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જેમાં એક ટ્રાન્ઝેક્શન માટે FD પણ તોડી નાખીને કરવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ વૃદ્ધે તમામ બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યા હતા તેમજ જીમેલ પાસવર્ડ બદલ્યો હતો. ઉપરાંત અજાણ્યા ડિવાઈસમાંથી લોગ આઉટ કરીને ડેબિટ કાર્ડ, GPay અને નેટ બેંકિંગ જેવી ડિજિટલ સેવાઓ બંધ કરાવી હતી. આ બનાવ અંગે વૃદ્ધે મોબાઈલ નંબરના ઉપયોગ કરનાર, APK ફાઈલ બનાવનાર અને પૈસા ટ્રાન્સફર કરનાર તમામ આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# ઉનાળાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું ગરમીનો પારો વધીને 40.4 ડિગ્રીએ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

રાજ્યમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે, રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 40.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 23.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 41 ટકા અને સાંજે 22 ટકા નોંધાયું હતું. વડોદરા સહિત વિવિધ જિલ્લામાં ઉનાળાએ હવે તીવ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.



કમોસમી વરસાદ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર બાદ હવે ફરી એક વખત કાળઝાળ ગરમી પડવાની છે. તેમજ અનેક શહેરમાં તાપમાન 42 ડિગ્રી સુધી પહોંચી જાય તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેથી નાગરિકોને ફરી આકરો તાપ સહન કરવો પડશે. આગામી 48 કલાક દરમિયાન કાળજાળ ગરમી વધવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે અગાઉ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું હતું. જે અત્યારે લેસ માર્ક થઈ ગયું છે. હાલમાં ઉત્તર પશ્ચિમથી ઉત્તર તરફના પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે તાપમાનમાં થોડો વધારો નોંધાયો છે. નવી કોઈ સિસ્ટમ નહીં બનતા આગામી સાત દિવસ સુધી વાતાવરણ શુષ્ક રહેશે. જે બાદ તાપમાનમાં ખાસ કોઈ બદલાવ નોંધાઈ શકે તેવી શક્યતા નથી. નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં ગરમીનો આતંક વધવાની શક્યતા છે. એસી અને પંખાનો ધમધમાટ વધારે પડતો શરૂ થશે. 14 એપ્રિલ સુધીમાં ગરમી રૌદ્ર સ્વરૂપ બતાવશે. આગામી 20મી તારીખ સુધીમાં ગરમીનો આતંક વધી જશે. મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો ઉકળાટ વધુ રહેશે. એપ્રિલના અંત સુધીમાં તો મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો આંક વધશે. જ્યારે, કેટલાક ભાગોમાં 44 ડિગ્રીથી વધારે ગરમી પડવાની શક્યતા છે.

લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં,જીપીસીબીની ટીમ દ્વારા નમૂના લઈ પૃથ્થકરણ માટે મોકલી અપાયા

# તીવ્ર દુર્ગંધ મારતા કેમિકલને નંદેસરી જીઆઈડીસીની કાંસમાં ગેરકાયદેસર નિકાલ કરવાનું કૌભાંડ ઝડપાયું

**આઈપી** ફાર્મા કેમિકલ કંપની સોજીત્રા GIDCમાંથી કેમિકલ ભરી લાવી નિકાલ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

સોજીત્રા જીઆઈડીસી આણંદ ખાતે આવેલી આઈપી ફાર્મા કેમિકલ કંપનીમાંથી તીવ્ર દુર્ગંધ મારતું પ્રવાહી ભરી લાવીને બે ટેન્કરો મારફતે નંદેશરી જીઆઈડીસીમાં આવેલી કાંસમાં તેનો ગેરકાયદેસર નિકાલ કરવાનું કૌભાંડ પોલીસે ઝડપી પાડ્યું હતું. સમગ્ર બનાવે જીપીસીબીને જાણ કરવામાં આવતા તેમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને સેમ્પલ લઈ તેમના વિરુદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



નંદેસરી પોલીસ તરફથી મળતી માહિતી મુજબ પોલીસને ટેકર નંબર GJ-06-AT-4355 ના માલીક અલ્પેશભાઈ નટવરભાઈ પરમાર ઉ.વ.28 રહે. દામાપુરા ગામ ભાથીજી મંદિરવાળુ ફળીયુ પોસ્ટ. નંદેસરી તા.જી.વડોદરા નાઓ ટેન્કરમાં આઇ.પી. ફાર્મા કેમીકલ કંપની સોજીત્રા ચોકડી પાસે સોજીત્રા જીઆઈડીસી. આણંદ ખાતેથી તિવ્ર દુર્ગંધ મારતુ પ્રવાહી ભરી લાવીને જમીન માલીકના દિકરા મહેશભાઇ ઉર્ફે અશોકભાઇ ચંદુભાઇ ગોહીલ ઉ.વ.30 રહે. અનગઢ ગામ, વાડીયા વગો એચ.પી. પેટ્રોલપંપની પાછળ નંદેસરી જીઆઈડીસી ગુજરાત ચોકડીની બાજુમાં આવેલા ચંદુભાઇ રતનસિંહ ગોહીલ નાઓની જગ્યામાં તિવ્ર દુર્ગંધ વાસ મારતુ પ્રવાહી પાઈપ દ્વારા જીઆઈડીસીની ગટરમા ખાલી કરતા હોય ઝડપાયા હતા. જેથી તેઓની અટકાયત કરી ટેન્કરો કબ્જે કરી જીપીસીબીને જાણ કરી આગળની કાર્યવાહી હાથધરવામાં આવી હતી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના મહિલા અધિકારીએ જણાવ્યું હતું કે, નંદેશરી પોલીસ સ્ટેશન તરફથી જીપીસીબીને માહિતી મળી કે એક ટેન્કર મારફતે એ લોકો દ્વારા નંદેશરી જીઆઈડીસીની અંદર જે એક કાચું નાળુ છે, ત્યાં આગળથી પોલીસ દ્વારા પકડેલું છે અને ટેન્કરની અંદર શું કેમિકલ છે અને શું ખાલી થઈ રહ્યું હતું, એની તપાસ માટે અમને જાણ કરવામાં આવી હતી. જેથી આજે ટીમ સાથે ચેકિંગ કરવા માટે આવ્યા હતા. બે ટેન્કરની માહિતી હતી અને બંને ટેન્કરમાંથી જે મટીરીયલ હતું. એ બંનેના સેમ્પલ લેવામાં આવ્યા છે અને એનાલિસિસ માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત પોલીસને જે પ્રાથમિક માહિતી મળી હતી, એ અનુસાર જે કોઈ એકમના માંથી આ ટેન્કર આવ્યું હોય જે બંને ટેન્કર છે એ બંને ટેન્કરમાં જે કેમિકલ હતું એ હેઝાર્ડ કેમિકલ છે અને એની માહિતીના આધારે જે પણ કોઈ એકમમાંથી આ ટેન્ક કરાવ્યું હશે એની પર કડક કાર્યવાહી કરવા માટેની તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે. જે રિપોર્ટ અને એનાલિસિસ આવશે એના આધારે જે તે એકમનું ઈન્સ્પેક્શન કરી એની પર તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીશું.

# વહીવટી તંત્ર સજ્જ, EVM મશીનોની ફાળવણી કરી દેવાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વડોદરા મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે, ત્યારે બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા 'ઝીરો એરર' પોલિસી સાથે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટેના ચક્રો ગતિમાન કરી દેવામાં આવ્યા છે. શહેરના તમામ 19 વોર્ડમાં શાંતિપૂર્ણ અને સુચારુ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ મશીનોની ફાળવણી અને રિઝર્વ જથ્થાનું આયોજન ફાઈનલ કરી દેવામાં આવ્યું હતું.

શહેરના ભૌગોલિક વિસ્તારને આધારે તૈયાર કરવામાં આવેલા 1131 મતદાન મથકો પર આધુનિક ટેકનોલોજીથી સજ્જ મતદાન મશીનો તૈનાત કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા દરેક વોર્ડ માટે જવાબદાર અને અનુભવી કલેક્ટર સ્તરના અધિકારીઓને 'ચૂંટણી અધિકારી' તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

ચૂંટણીમાં ઉમેદવારોની સંખ્યાને ધ્યાને રાખીને બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટની ફાળવણી કરવામાં આવી છે. આ વખતે તંત્ર દ્વારા 10% વધારાના મશીનો રિઝર્વ રાખવાનો નિર્ણય લેવાયો છે, જેથી ટેકનિકલ ખામીના કિસ્સામાં મતદાન પ્રક્રિયામાં સહેજ પણ વિલંબ ન થાય.


કુલ 1251 કંટ્રોલ યુનિટ અને 2502 બેલેટ યુનિટ ના જંગી જથ્થા સાથે તંત્ર સજ્જ છે. જેમાં 120 CU અને 240 BU સંપૂર્ણપણે રિઝર્વ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, તમામ મશીનો માટે પૂરતા પ્રમાણમાં પાવરપેક (બેટરી) ની પણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

ચૂંટણી અધિકારીઓને તા. 12/04/2026 ના રોજ સવારે 11:00 કલાકે પાવર હાઉસ ઈજનેરની દેખરેખ હેઠળ પોતાની સામગ્રી મેળવી લેવા કડક સૂચના અપાઈ હતી. આ સાથે જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. તંત્રનો દાવો છે કે દરેક મતદાર નિર્ભય અને નિષ્પક્ષ રીતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ વોર્ડ નં. 5માં ભડકો

# પૂર્વ પ્રમુખની વિસ્ફોટક પોસ્ટ, 'મારું ઘર ભાજપનું ઘર, પણ કોઈએ ઘરે આવવું નહીં'

**નવા ચહેરાઓને** સ્થાન મળતા પાયાના કાર્યકરોમાં ભારે રોષ, સોશિયલ મીડિયા પર નારાજગી વહેતી થઈ




(પ્રતિનિધિ) વડોદરા તા.12

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વડોદરા ભારતીય જનતા પાર્ટીમાં ટિકિટ વહેંચણીને લઈને આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. ભાજપ દ્વારા વોર્ડ લક્ષી ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતા જ અનેક વિસ્તારોમાં કાર્યકરો અને આગેવાનોમાં નારાજગી જોવા મળી રહી છે. ખાસ કરીને વડોદરાના વોર્ડ નંબર ૫ માં ભાજપના પૂર્વ પ્રમુખ દ્વારા કરવામાં આવેલી એક સોશિયલ મીડિયા પોસ્ટ હાલ સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બની છે અને રાજકીય ગરમાવો લાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વોર્ડ નંબર ૫ ના ભાજપના પૂર્વ પ્રમુખે પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે સોશિયલ મીડિયાનો સહારો લીધો છે. તેમણે પોતાની પોસ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, "મારું ઘર ભાજપનું ઘર છે, પણ કોઈએ ઘરે આવવું નહીં." આ પ્રકારની તીખી પ્રતિક્રિયાએ પક્ષની અંદર ચાલતા આંતરિક વિખવાદને જાહેરમાં લાવી દીધો છે. પૂર્વ પ્રમુખની આ પોસ્ટ પાછળનું મુખ્ય કારણ ભાજપ દ્વારા આ વખતે સ્થાનિક સ્તરે કરવામાં આવેલા ફેરફારો અને નવા ચહેરાઓને આપવામાં આવેલી પ્રાધાન્યતા હોવાનું મનાઈ રહ્યું છે.

મહત્વનું છે કે, ભાજપ હાઈકમાન્ડ દ્વારા આ વખતે ચૂંટણીમાં જૂના જોગીઓને પડતા મૂકીને અનેક વોર્ડમાં નવા અને યુવા ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

રાજ્ય ચૂંટણી આયોગની કડક માર્ગદર્શિકા

# ડિજિટલ પ્રચાર માટે પૂર્વ મંજૂરી જરૂરી ઉશ્કેરીજનક જાહેરાતો પર પ્રતિબંધ

(પ્રતિનિધિ ) વડોદરા તા.12

રાજ્યમાં આવનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓને નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ બનાવવા રાજ્ય ચૂંટણી આયોગે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. નવા નિયમો મુજબ, રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ડિજિટલ પ્રચાર કરતા પહેલા આયોગની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત બનાવાઈ છે.

આ માર્ગદર્શિકા અનુસાર, ટીવી ચેનલ, કેબલ નેટવર્ક, એફએમ રેડિયો, સોશિયલ મીડિયા (ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ વગેરે), બલ્ક એસએમએસ સહિત તમામ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા થતા પ્રચાર માટે પૂર્વ મંજૂરી લેવી પડશે. મંજૂરી બાદ જ પ્રચાર શરૂ કરી શકાશે અને સંબંધિત તમામ ખર્ચનો સચોટ હિસાબ રાખવો ઉમેદવાર માટે જરૂરી રહેશે.

આયોગે ખાસ ભાર મૂક્યો છે કે ધાર્મિક, સામાજિક અથવા જ્ઞાતિ આધારિત લાગણીઓને ઉશ્કેરતી જાહેરાતો પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ભ્રામક, અપમાનજનક અથવા અસત્ય માહિતી ધરાવતા પ્રચાર પર પણ કડક કાર્યવાહી થશે. જાહેરાતોની ચકાસણી માટે રાજ્ય અને જિલ્લા સ્તરે સમિતિઓ રચાઈ છે. રાજ્ય સ્તરે વરિષ્ઠ અધિકારીઓ અને માહિતી ખાતાના પ્રતિનિધિઓ રહેશે, જ્યારે જિલ્લા સ્તરે કલેક્ટરના અધ્યક્ષસ્થાને પોલીસ અને માહિતી વિભાગની ટીમ દેખરેખ રાખશે. આયોગે વધુમાં જણાવ્યું છે કે મતદાનના દિવસ અને તેના અગાઉના 48 કલાક દરમિયાન કોઈપણ પ્રકારનો પ્રચાર પ્રતિબંધિત રહેશે. આ નિયમ સોશિયલ મીડિયા સહિત તમામ પ્લેટફોર્મ પર લાગુ પડશે. આચારસંહિતાનું ચુસ્ત પાલન કરીને ચૂંટણી પ્રક્રિયાને વધુ શુદ્ધ બનાવવાનો આયોગનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

પ્રદેશ નેતાઓની ઉપસ્થિતિમાં હેમનાણી પરિવાર સાથે સેટિંગનો આક્ષેપ

# ભાજપની શિસ્તના લીરેલીરા; મહિલા પ્રમુખે સિંધી સમાજની ઉપેક્ષાનો બળાપો કાઢ્યો

**પુત્રના** અકસ્માતને કારણે અપક્ષ ફોર્મ ભરવામાં 5 મિનિટ મોડું થતા સ્વીકારાયું નહોતું

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરામાં પ્રદેશ નેતાઓની હાજરીમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાજપના જ એક મહિલા હોદ્દેદારે પોતાની નારાજગી વ્યક્ત કરતા રાજકીય ગરમાવો આવી ગયો છે. સિંધી સમાજની મહિલાઓને રાજકારણમાં પૂરતું પ્રતિનિધિત્વ અને ટિકિટ ન મળતી હોવાનો આક્ષેપ કરી મહિલા નેતાએ જાહેરમાં પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.



કાર્યક્રમ દરમિયાન શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારે સવાલ ઉઠાવ્યો હતો કે, "દરેક સમાજમાં મહિલાઓ આગળ વધી રહી છે, તો સિંધી સમાજમાં જ મહિલાઓને કેમ તક નથી મળતી? શું અમે માત્ર ઘર સંભાળવા માટે જ છીએ? શું અમે વોટ કે સત્તા નથી સંભાળી શકતા?" તેમણે વધુમાં જણાવ્યું હતું કે સિંધી મહિલાઓ ઘર અને વ્યવસાય બધું જ સંભાળી શકે છે, છતાં તેમને ટિકિટ આપવામાં આવતી નથી. મહિલા હોદ્દેદારે વ્યથા ઠાલવતા જણાવ્યું કે તેઓ અપક્ષ ઉમેદવારી નોંધાવવા માંગતા હતા. જોકે, સંજોગવશાત તેમના પુત્રનું અકસ્માત થતા તેઓ ફોર્મ ભરવા માટે માત્ર પાંચ મિનિટ મોડા પડ્યા હતા, જેના કારણે તેમનું ફોર્મ સ્વીકારવામાં આવ્યું ન હતું.

મહિલા નેતાએ ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, "મને લાગે છે કે ભાજપે હેમનાણી પરિવાર સાથે એગ્રીમેન્ટ કરી લીધું છે." તેમણે ઉમેર્યું કે છેલ્લા ત્રણ ટર્મથી સતત એક જ પરિવારને મહત્વ આપવામાં આવે છે. અગાઉ પરષોત્તમભાઈ, ત્યારબાદ હીરાભાઈ અને હવે તેમના પુત્રને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તેમણે સવાલ કર્યો હતો કે આ નેતાઓના પુત્રો ક્યારેય કોઈ સામાજિક કાર્યક્રમોમાં દેખાતા નથી, છતાં તેમને જ ટિકિટ આપવામાં આવે છે. આ ઘટનાને પગલે કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ભાજપના જ હોદ્દેદાર દ્વારા શિસ્તબદ્ધ ગણાતી પાર્ટી સામે જાહેરમાં રોષ ઠાલવવામાં આવતા સંગઠનમાં રહેલી આંતરિક નારાજગી સપાટી પર આવી છે.

હેરિટેજ રિવાઈવલ માટે વડોદરાવાસીઓ અને મ્યુનિ. કમિશનરની અનોખી પહેલ

# 600 વર્ષ જૂની સેવાસી વાવના પથ્થરોમાં ફરી પ્રાણ ફૂંકાશે

**વન** ડે વન હેરિટેજ'ના સંકલ્પ સાથે વડોદરાના ઐતિહાસિક વારસાને જાળવવા તંત્ર અને જનતાનો 'જુગલબંધી' અભિગમ

(પ્રતિનિધિ) વડોદરા. તા.12

વડોદરા માત્ર ગુજરાતનું જ નહીં પરંતુ ભારતનું સાંસ્કૃતિક પાટનગર ગણાય છે. ગાયકવાડી શાસનકાળ અને તે પૂર્વેના સ્થાપત્યો વડોદરાની ઓળખ છે. આ ઓળખને સમયના ધૂળિયા પડ નીચે દટાતી બચાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કમિશનરે એક ક્રાંતિકારી અભિયાનનો શંખનાદ કર્યો છે. વડોદરાના સેવાસી વિસ્તારમાં આવેલી, અદભૂત કોતરણી ધરાવતી 600 વર્ષ પ્રાચીન સેવાસી વાવ હવે નવા અવતારમાં જોવા મળશે.



સામાન્ય રીતે સરકારી પ્રોજેક્ટ્સ કાગળ પર ચાલતા હોય છે, પરંતુ સેવાસી વાવ ખાતે શરૂ થયેલું આ અભિયાન એક 'જન આંદોલન' બની ગયું છે. વડોદરા મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને હેરિટેજ સેલની ટીમ જ્યારે મેદાનમાં ઉતરી, ત્યારે તેમની સાથે ખભેખભા મિલાવીને ઉભા રહ્યા વડોદરાના જાગૃત નાગરિકો. આ કાર્યમાં નિષ્ણાતોની સલાહ લેવા માટે હેરિટેજ ટ્રસ્ટ અને INTACH (Indian National Trust for Art and Cultural Heritage) જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓને જોડીને સ્થાપત્યની મૌલિકતા જળવાય તેની કાળજી લેવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટમાં માત્ર સરકારી ભંડોળ જ નહીં, પરંતુ શહેરના ઉદ્યોગ જગતનો પણ મોટો ફાળો છે. આર્થિક ઈન્ડસ્ટ્રીઝ જેવી અગ્રણી સંસ્થાઓએ આર્થિક સહયોગ આપીને સાબિત કર્યું છે કે ઉદ્યોગ જગત પણ શહેરના વારસા માટે એટલું જ સંવેદનશીલ છે. અનુભવી આર્કિટેક્ટ્સની દેખરેખ હેઠળ વાવના પગથિયાં, ગોખલા અને તેના અટારીઓની સાફ-સફાઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવી રહી છે જેથી પ્રાચીન શિલ્પોને નુકસાન ન થાય.

કમિશનરે શહેરની દરેક NGO, સ્કૂલ-કોલેજો અને યુવાનોને વિનંતી કરી છે કે તેઓ આ અભિયાનમાં જોડાય. આ માત્ર સફાઈ અભિયાન નથી, પણ આપણી આવનારી પેઢીને આપણો ઈતિહાસ ભેટમાં આપવાની કોશિશ છે. વડોદરાની કલા અને સંસ્કૃતિના જતન માટે હવે લોકશક્તિ એકઠી થઈ છે, જે આગામી સમયમાં શહેરના પર્યટન ક્ષેત્રે નવા દ્વાર ખોલશે.

સેવાસી વાવનું આ મિશન વડોદરાના તમામ ઐતિહાસિક સ્થાપત્યો માટે એક 'બ્લુ પ્રિન્ટ' સાબિત થશે. વડોદરા હવે તેના ભવ્ય ભૂતકાળને આધુનિક મેનેજમેન્ટ સાથે જોડીને વિશ્વ સ્તરે પોતાની 'હેરિટેજ સિટી' તરીકેની છબી વધુ મજબૂત બનાવશે.

વહીવટી તંત્ર ફૂલ એક્શન મોડમાં, ઉમેદવારી ફોર્મ ભરાવાની પ્રક્રિયા સંપન્ન

# જિલ્લામાં કુલ 1520 ઉમેદવારી પત્રો ભરાયા SEC POLL પોર્ટલ પર ડેટા એન્ટ્રી પૂર્ણ

**મ્યુનિસિપલ** કોર્પોરેશનમાં સૌથી વધુ 473 ઉમેદવારી પત્રો ભરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેર વડોદરા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતા ચૂંટણી જંગ હવે તેજ બન્યો છે. જિલ્લા ચૂંટણી શાખા દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, વિવિધ સ્તરે કુલ 1520 ઉમેદવારી પત્રો પ્રાપ્ત થયા છે, જે મતદાન પહેલા જ સ્પર્ધાને રસપ્રદ બનાવી રહ્યા છે.

ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રક્રિયાઓ ઝડપથી અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સૌથી વધુ 473 ઉમેદવારી પત્રો ભરાયા છે, જ્યારે નગરપાલિકા માટે 303 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. જિલ્લા પંચાયત માટે 134 અને તાલુકા પંચાયત માટે સૌથી વધુ 610 ફોર્મ પ્રાપ્ત થતા ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો છે. ચૂંટણી પંચના માર્ગદર્શન મુજબ, તમામ ઉમેદવારી પત્રો તથા ઉમેદવારોના સોગંદનામાની વિગતો SEC POLL પોર્ટલ પર સફળતાપૂર્વક અપલોડ કરવામાં આવી છે. આ સુવિધાથી મતદારો હવે પોતાના ઉમેદવાર વિશેની માહિતી સરળતાથી ઓનલાઈન મેળવી શકશે.

વહીવટી તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતાનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી કોઈ ગંભીર ફરિયાદ નોંધાઈ નથી, જે તંત્રની અસરકારક કામગીરી દર્શાવે છે.

અન્ય તૈયારીઓમાં પણ વહીવટી તંત્ર આગળ છે. ચૂંટણી અધિકારીઓને જરૂરી EVM મશીનોની ફાળવણી પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે મતદાન મથકો માટેની તમામ સ્ટેશનરી સામગ્રી મોકલી દેવામાં આવી છે. ચૂંટણી નિરીક્ષકો માટે વાહન, ડ્રાઈવર, સુરક્ષા વ્યવસ્થા અને જરૂરી માર્ગદર્શિકા જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હવે આગામી તબક્કામાં ઉમેદવારી ફોર્મની ચકાસણી અને ત્યારબાદ મતદાન પ્રક્રિયા મહત્વપૂર્ણ રહેશે. વહીવટી તંત્ર દ્વારા "નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ" ચૂંટણી યોજવા માટે સંપૂર્ણ તૈયારી દર્શાવવામાં આવી રહી છે, જ્યારે રાજકીય પક્ષો પણ મતદારોને લલચાવવા માટે સક્રિય બન્યા છે.